## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

ન ધરા સુધી ના ગગન સુધી
નહીં ઉન્નતિ ના પતન સુધી
બસ આપણે તો જવું હતું
ફક્ત એકમેકના મન સુધી !

- ગની દહીવાલા

### પાથેય

- રમેશ ઠક્કર

## સીમની સુગંધ

એક રમણીય લટારની ધારેધારે વહી જતી સીમ આપણા આંતરમનને અસીમ આનંદ આપી જતી હોય છે..સીમ સોળે કળાએ ખીલી ઉઠે ત્યારે એ વગડો બની જાય છે..કામલપુરની ફરતે બાવળ અને દેશી જાળાંની આછીપાતળી ભાત સાથે જોયેલી એની છટા ,અને મહીકાંઠાની ઘટાટોપ વનરાજી..આમ તો બે અંતિમ જ ગણી શકાય..પરંતુ સીમનો સ્વભાવ બધે એકસરખો જ હોય છે..એ આપણા અંદરના કોલાહલને એક લય આપે છે...એનું બાહયરૂપ અલગઅલગ હોય પણ વગડાનો આંતરિક વૈભવ તો એકસરખો જ હોય છે..એ બનાસ હોય કે મહીસાગરની ભીનાશ.

અમે મુળ રેતના માણસ... ખેતરો એટલે અમારે મન સપાટ મેદાનોના નાના નાના ટુકડા...અહીં આસપાસ લીલાંછમ ડાંગરનાં ખેતરો જોઈ મરૂભૂમિનો માણસ મદહોશ ના થાય તો શું થાય ? આજે એરડિંયા એટલે કે દિવેલાનું એક ખેતર એના અંતિમ પડાવમાં જોયું...પાક લેવાઈ ગયો હતો. આખું ખેતર જાંબુડિયા રંગની સાંઠીઓથી છલકાતું..લીલાશની એક મજેદાર વિરાસત ગુમાવી જાણે અસહાય લાગતું હતું...ખેતરોમાં પણ કેટકેટલું વૈવિધ્ય ભર્યું હોય છે...ઘઉંનાં ખેતરોમાં આજકાલ વિવિધતામાં એકતા જેવું છે.કેટલાંક પરિપકવ કણસલાં સાથે પાકટ માણસો જેવાં... કેટલાંક હજુપણ પોંક પાડી મજા કરાવે એવાં ,,તો કેટલાંક ખેતરોમાં વાઢ પણ પડી ગયેલા જોવા મળે છે...મને સુકાયેલા ઘઉંનાં ફોતરાંના ઢગલા યાદ આવી ગયા. અમારા વિસ્તારમાં એને ‘સૂકેલ’ કહે છે. કદાચ સૂકાયેલ શબ્દનો ખંડિત ટુકડો હશે આ શબ્દ ! શબ્દો પણ ધરતીમાંથી જ પેદા થતા હોય છે...

ફાગણ હોય અને મહી પાનમનો કાંઠો હોય એટલે તમે લયબધ્ધ થઈ જ જાઓ..એકલદોકલ દેખાતાં સિમળાનાં વૃક્ષો એકજમાનામાં અહીં બહુમતીમાં હતાં એ કોણ માનશે ? એનાં ફૂલોની અનોખી રંગછટાઓ છે.અદાઓ છે..ખાખરો એ આ ધરતીનો પ્રાણ છે. એના ઉપર બધું ન્યોછાવર છે. એ જયારે ફાગણને પી જાય છે ત્યારે એના રોમરોમમાં કેસૂડો ફેલાઈ જાય છે..‘મને ફાગણનું ફૂલ એક આપો કે લાલ મોરા, કેસૂડો કામણગારો હો જી...’ આવું સુન્દરમે કદાચ અહીં આવ્યા પછી જ લખ્યું હશે..ખાખરાને પલાશ પણ કહે છે..વિનેશ અંતાણીની એક નવલકથાનું નામ છે ‘પલાશવન’ સંસ્કૃતમાં એને બીજસ્નેહ જેવું કલાસિક નામ અપાયું છે... એમ તો અમારે ત્યાં ગાંધીનગરમાં ધોધમાર જોવા મળતા ગરમાળા પણ પીળાશ પહેરી અહીં આમતેમ કયાંક નજરે ચડી જાય છે... ગરમાળાનું ફૂલ એ થાઈલેન્ડનું રાષ્ટ્રીય પુષ્પ છે એ જાણી વિસ્મય થયેલું. તમે મુક્ત મને ધરતીના ખોળે વિહરવાનું નકકી કરો એ જ મોટી વાત છે..કેટકેટલી અજાયબીઓ એમાં ભરેલી પડી હોય છે..સવારના સમયે ઝાકળનું આવવું અને વિલાઈ જવું એ મહાભિનિષ્ક્રમણ જેવી જ ઘટના છે આમ છતાં પણ આપણે કોરાને કોરા જ રહી જઈએ છીએ..ઢોરઢાંખર અને આધુનિક ખેતસાધનોનો પરસ્પર એકબીજાનો સ્વીકાર ખેતરના શાંતિમય સહઅસ્તિત્વની પ્રાકૃતિક ઘટના જ ગણી શકાય... મને તો હરતાંફરતાં સસલાં પણ જોવા મળી જાય છે.

હરીભરી કેનાલોના કાંઠા કયારેય અતૃપ્ત હોતા નથી...કેમકે કેનાલો એ નદીઓનો વારસો છે...એનામાં નદીઓનું ખૂન એટલેકે નીર વહે છે. આપણે નદીઓને બાંધી કેનાલોમાં કટકા કરી ભરી દીધી છે. પણ એનાથી સીમને કોઈ ફરક પડયો નથી...ચાલતાં ચાલતાં મને કેટલાંય પક્ષીઓ હાય હેલ્લો કરી ગાયબ થઈ જાય છે. ‘અમને પણ યાદ રાખજો’ એવી કોઈ શરત વગર...સીમમાં કશુંય શરતી હોતું નથી..એ જ તો એની મજા છે...જાતજાતની કંડીશનોમાં કણસતા આપણા જેવા માણસો માટે રખડવાનો આ આનંદ એક અજાયબ લેપ છે... મલમપટ્ટો છે...

# ગોવાની પ્રજાની દુખતી રગ

તંત્રીસ્થાનેથી...

દેશના તમામ રાજયો પછી ઘણું મોડું પોર્ટુગીઝ થાણું ગોવા ભારતીય રાજયોના સંઘ સાથે જોડાયું હતું. અંગ્રેજો તો એમની શાસનભૂમિ સમજણપૂર્વક છોડીને ચાલ્યા ગયા હતા. પોર્ટુગીઝોને રીતસર ‘કાઢવા પડ્યા’ હતા. સમુદ્ર કિનારે વસેલો આ કોંકણપટ્ટીનો પ્રદેશ એના પ્રાકૃતિક વૈભવને કારણે દેશ અને દુનિયાના આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. એમાં આંતરરાષ્ટ્રીય અને બહુધર્માવલંબી સમુદાયો સંપીને રહેવા આવ્યા છે. ભારતનાં અન્ય રાજયોમાંથી અને વિશ્વના અનેક દેશોમાંથી સહેલાણીઓ ગોવાની મધુરજની માણવા આવે છે. અહીંની બીચ પર નગ્નતા કોઈ નવી ચીજ નથી ગણાતી. જાણે ગોવા આવ્યા પછી સમાજ અને ધર્મસંપ્રદાયનાં જડ બંધનો સાપ કાંચળી ઉતારે એટલી સાહજિકતાથી તૂટી જાય છે અને માણસનું અસલી માણસ સ્વરુપ પ્રગટે છે. રાજય માટે આ કમાણીનું સાધન બની ગયું : ગોવાની પ્રકૃતિને અનુરુપ અહીં કામલીલાનાં વૃંદાવન રચાઈ ગયા. ટૂરિઝમ ઈન્ડસ્ટ્રીનો એવો વિકાસ થયો કે ગોવા દુનિયાના નકશામાં હોટસ્પોટ બની ગયું. ફિલ્મોથી લઈ હનીમૂન પૅકેજ માટેનું એ ફેવરીટ ડેસ્ટિનેશન બની રહ્યું. પરંતુ અતિની ગતિ નથી. ગોવામાં સ્થાયી થયેલી પ્રજાને પણ એની આગવી સંસ્કારિતા હોય જ. હવે જયારે ખુદ રાજય સરકારે ત્યાં જુગારખાનાંથી મળતી મબલક આવકની લાલચમાં દરિયા કિનારે તેમજ દરિયાની અંદર આવેલા રમણીય સ્થળો પર કેસીનો ખોલી સહેલાણીઓ તથા ગોવાની યુવા પેઢી માટે આનંદ પ્રમોદ તથા ભોગવિલાસના બધા દરવાજા ખોલી દીધા છે ત્યારે પ્રજાનો બૌદ્ધિક તથા સંસ્કારી વર્ગ વ્યથિત થઈ ઊઠયો છે. કેસીનો ફક્ત પૈસાની રમત નહીં રહેતાં સેક્સ, ડ્રગ્સ અને નશાનાં ખાંજરામાં ફેરવાઈ ગયેલ છે. દર ચૂંટણી વખતે દરેક પાર્ટી કેસીનો બંધ કરાવવાનાં ઢાલાં વચનો આપતી રહે છે. સત્તા પર આવ્યા પછી એ આંખ આડા કાન કરી જેમ ચાલતું હોય એમ ચાલવા દે છે. એથી હવસખોરી અને ગુંડાગીરી વધી છે. પંદર સોળ વરસની કાચી કુમળી છોકરીઓ રીતસરની રોજેરોજ હરાજી થતી રહે છે. ગોવામાં બળાત્કારનું પ્રમાણ અન્ય રાજયોની સરખામણીમાં ઘણું વધારે છે. એની કોઈ ગંભીર નોંધ પણ નથી લેવાતી કે દિલ્હીમાં નિર્ભયાકાંડ મુદ્દે થયેલો એવો ઊહાપોહ પણ નથી થતો. અહીંની પ્રજામાં સેક્સ સંબંધિત રોગચાળાનું પ્રમાણ પણ અન્ય રાજયોની સરખામણીમાં ઘણું વધારે છે. ગોવામાં ૧૪ ફેબ્રુઆરીએ જ મતદાન છે, જે દિવસે ‘વેલેન્ટાઈન ડે’ નિમિત્તે ‘પ્રેમ’ને વિકૃત રુપે ‘કામ’માં પરિવર્તિત કરવાના અઢળક ખેલ ગોવાનાં કેસીનો સેન્ટરોમાં ખેલાશે. કેસીનોવાળા જ છોકરીઓને એસ્કોર્ટ બનાવી રીતસરનો દેહવ્યાપારનો ધંધો ચલાવે છે અને ડ્રગ્સનો કારોબાર ફાલીફૂલી રહે છે એમાં જ એ જ નિમિત્ત રુપ છે. ગોવામાં જન્મેલા અને મોટા થયેલા ડૉ. ડિસોઝા પોતે વૈજ્ઞાનિક છે. એમણે થોડા દિવસ અગાઉ ગવા ગવર્નમેન્ટ વિરુદ્ધ અદાલતમાં દાદ માગી છે. સરકાર દરિયામાં એક બિલ્ડિંગ બનાવી રહી છે જયાં કેસીનો ચાલશે અને ડ્રગ્સ તથા દેહવ્યાપારનો ગંદો ધંધો ધમધમશે. યુવા પેઢીની બરબાદી નરી આંખે જોઈ રહેલા આ સ્થાનિક રહીશોને આ વખતે કોઈ રાજકીય પાર્ટીએ કેસીનો બંધ કરવાનું વચન આપ્યું નથી. અગાઉની ચૂંટણીઓ વખતે આપેલ આવા વચનો કોઈ પાર્ટી પાળી શકી નહોતી. કરોડો રુપિયાની લહાણી દરેક રાજકીય પાર્ટીને ‘કેસીનો ઉદ્યોગ’ માંથી થતી રહે છે અને સરકારને પણ એની કરોડોની આવક મીઠી લાગે છે. દેશનાં વિવિધ રાજયોમાંથી કુંવારી છોકરીઓને અહીં ખેંચી લાવવામાં આવે છે એટલું જ નહીં, અહીં વિવિધ વિદેશી-ગોરી, પીળી અને કાળી ચામડી ધરાવતી કામણગારી કન્યાઓની હાટડી મંડાય છે જેથી ગોવાના સ્થાનિક પ્રજા રોગગ્રસ્ત થઈ રહી છે અને નવી પેઢી નશાખોરીના રવાડે ચડી બરબાદ થઈ રહી છે. ગોવાની ગુહાર કોઈ સાંભળશે ખરું ?

# ઘણાં પુસ્તકો કુંવારી વહુ માફક વણસ્પર્શી અવસ્થામાં છે!



આરપાર
રાઘવજી માધડ

એક સ્કૂલની મુલાકાત લીધી ત્યારે વિદ્યાર્થી, શિક્ષકો સાથે સંવાદ કર્યા પછી પુસ્તકાલયમાં આવ્યા હતા. જોયું તો પુસ્તકો અવ્યવસ્થિત હતા.તેમાં ઘણાં પુસ્તકોના પેકેટ જ ખૂલ્યા નહોતા ! આચાર્ય ને પૂછ્યું તો કહે,‘ખબર નહીં પુસ્તકો ક્યાંથી આવ્યા છે...’ પછી કહે,‘સમય મળવો જોઈએ ને,જોવા-વાંચવાનો !’ આ એક જ વાક્યમાં ઘણું આવી જતું હતું, સમાઈ જતું હતું. જેમ વિદ્યાર્થી શિક્ષક પાસે ક્યાંથી આવ્યો તે અગત્યનું નથી પણ આવ્યા પછી એ ક્યાં જાય છે...તે અગત્યનું છે.પુસ્તકો ક્યાંથી આવ્યા તેના કરતા,પુસ્તકો આવ્યા પછી તેનું શું થયું... તે શિક્ષણ જગત માટે બહુ અગત્યનું હોય છે.એક સમયે પુસ્તકોની મોટા પ્રમાણમાં ખરીદી થતી રહી.વાતને વધાવીએ પણ ખરીદાયા પછી શું? ખરેખરતો પુસ્તકો શિક્ષકો દ્વારા વંચાયા પછી વિદ્યાર્થીઓ પાસે પહોંચવા ને વંચાવા જોઈએ.આવું જ્યાં બનતું હોય તેને દિલથી વંદન કરીએ ! જેમ વસૂકી ગયેલી ગાય દૂધ ન આપી શકે તેમ વાંચન,અભ્યાસ વગરનો શિક્ષક વર્ગખંડમાં કંઈ નવું આપી શકે નહીં. પછી વિદ્યાર્થીઓને,સ્કૂલ-શિક્ષકો પ્રત્યે મૂંગી નારાજગી કે અણગમો વ્યક્ત કરવાનો પરવાનો આપોઆપ મળી જતો હોય છે. કોઈ પાસેથી આદર ઉઘરાવી શકાતો નથી પણ જ્ઞાન,સમજ થકી આદર ઊભરી આવતો હોય છે. ‘અપડેટ થતા રહેવું એટલે પુસ્તકો વાંચતાં, નવું નવું જાણતા અને શીખતા રહેવું !

આપણા પુસ્તકાલયો સતત સમુદ્ધ થતા રહે છે અને આપણે બુદ્ધ થવાના બદલે મનથી વૃદ્ધ થતા જતા હોઈએ એવું લાગે છે. પ્રશિક્ષણ પીરસતી સંસ્થાઓની મુલાકાત વખતે પુસ્તકાલય અને પુસ્તક ઈસ્યુ રજિસ્ટરને જોયા,તપસ્યા છે...પણ પાનાં લગભગ કોરા જોવા મળ્યાં. ત્યારે ગ્રંથપાલને ટકોર કરવાનું મન થાય પણ ખાટલે મોટી ખોટ,ગ્રંથપાલ જ ન હોય ! વળી જવાબદારને કહીએ, કેમ કોઈ પુસ્તકો વાંચતું નથી ? ત્યારે બેજવાબદારનો જવાબ ભારે હલબલાવી મૂકે એવો તોછડો ને તરકટભર્યો હોય છે. આજે પણ ઘણાં ગ્રંથાલયો, ગ્રંથપાલ વિહોણા છે. તેથી ઘણાં પુસ્તકો કુંવારી પુત્રવધૂ માફક સાવ અણસ્પર્શી અવસ્થામાં, કબાટમાં કેદ થઈ ધૂળ ખાતા કહે છે, કોઈતો મને વાંચો, તપાસો...!

પુસ્તકો એમ કહે છે : ‘મારા અસ્તિત્વમાં તમારું અસ્તિત્વ સમાયેલું છે.તમે મને જાળવશો તો તમારી સંસ્કૃત્તિને જાળવી શકશો. હું જીવનની જડીબુટ્ટી છું,મારા મૂલ્ય અમૂલ્ય છે તેને નાણામાં આંકવાનો પ્રયાસ ન કરશો.કારણ કે હું તમારા સુખ-દુ:ખનો સાથી છું.ફ્રેન્ડ,ફિલોસોફર ને ગાઈડ છું...કોરાનાકાળમાં મેં ઘણાંને સ્વસ્થ રાખ્યા છે. એક ડોકટરે તેમની હોસ્પીટલમાં દવા સાથે મને એટલે કે પુસ્તકોને પણ રાખ્યા છે !

રાષ્ટ્રીયકક્ષાના એક પુસ્તક મેળામાં કોઈ ચેનલવાળાએ,મેળામાં આવનાર યુવકને પૂછ્યું હતું :‘આ બુકફેરમાં તમને કેવું ફિલ થાય છે?તો જવાબમાં કહ્યું હતું :‘મને અહીં આવ્યા પછી ખબર પડી,ગાઈડ કે ભણવા સિવાયના પણ પુસ્તકો હોય છે !ઘરમાં કે ક્લાસરૂમમાં,વાલી કે શિક્ષકોએ તેમને પુસ્તકની દુનિયાના દર્શન કરાવ્યા નહીં હોય ! પણ ખરું પૂછો તો કૂવામાં હોય તો હવાડામાં આવેને...આ કહેવત સાર્થક થતી લાગે.મારા શિક્ષકોએ પ્રાથમિક શાળામાં સૌરાષ્ટ્રની રસધાર અને માધ્યમિક શાળામાં ‘ગુણસુંદરીનો ઘરસંસાર એકમ ભણાવતી વેળાએ લગભગ આઠ-દસ દિવસ સુધી સરસ્વતીચંદ્ર મહાનવલનો સારાંશ કહી સંભળાવ્યો હતો. પછી મેં મારા ગાયકવાડી ગામની પુસ્તકાલય પુસ્તકો વાંચવા શરુ કર્યા હતા.મારા લેખક હોવા-થવાના મૂળમાં વાંચન-સંસ્કારનું સિંચન થયેલું છે. પણ તેનો સઘળો યશ, વાંચન તરફ પ્રેરનાર મારા શિક્ષકોને આપું છું !

આ ન્યુજનરેશન આજે બુક નહીં પણ ફેસબુક વાંચે છે. મોબાઈલ મચડ્યા કરે છે. તેની આડઅસરથી કોઈ વાલી અજાણ નથી. આ યુવાવર્ગને વાંચન તરફ વાળવાનો સમય થાકી ને પાકી ગયો છે. વહેલીતકે ‘વાંચન સપ્તાહ’ ની ઉજવણી થવી જોઈએ...

**છેલ્લે :**

આપણે છેલ્લે કયારે પુસ્તક ખરીદ્યું અથવા તો કયું પુસ્તક વાંચ્યું... તે યાદ કરવા જેવું છે !

### દિન મહિમા

- ૧૯૩૧માં આ જ દિવસે નવી દિલ્હી ભારતની રાજધાની બન્યું હતું. એ પહેલાં કોલકાત્તા અંગ્રેજ શાસિત ભારતની રાજધાની હતું.
- સરોજિની નાયડુની જન્મજયંતિ.

### આજનું ઔષધ

- દાડમની છાલ મોંમાં રાખવાથી મોનાં ચાંદા મટે છે.

### ખડખડાટ

- એક ભાઈએ ફેસબુકમાં પોસ્ટ કરી.
‘હું સીએમ બની જાવ?’
તરત જ તેની પત્નીએ કોમેન્ટ કરી.
‘બે દિવસથી તેલ ખુટી ગયું ઈ લાવી આપો તોય ઘણું!’

### આજનો વોટ્સએપ

- કેટલાક સંબંધોથી માણસ સારો લાગે છે....
અને
કેટલાક માણસોથી સંબંધ સારો લાગે છે...!!

# પુષ્પા : પૂષ્પરાજ, નામ સૂનકે ફલાવર સમજા હૈ ક્યા ? ફાયર હૈ ફાયર



મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આજકાલ દુનિયામાં કોરોના પછી સૌથી વધુ ચર્ચા ‘‘પૂષ્પા’’ ફિલ્મની થઈ રહી છે. આ ફિલ્મના ડાયલોગ્સ, એકશન, ડાન્સ અને ગીતો આખી દુનિયામાં ધૂમ મચાવી રહ્યા છે. એક ખભો ઊંચો ને એક ખભો નીચો રાખીને ચાલતો હિરો રાતોરાત લોકપ્રિય બની રહ્યો છે. સૌ જાણતા હશે કે આ પહેલા ફિલ્મ નહોતી બનવાની વેબ સિરીઝ માટે લખવામાં આવી હતી. પરંતુ અંતે પછી એની ફિલ્મ બનાવવાનું નક્કી થયેલું. અને એમાં ફિરો તરીકે સાઉથના સુપરસ્ટાર મહેશબાબુને આ પૂષ્પાનો મુખ્ય રૉલ ભજવવાની ઑફર થયેલી પરંતુ મહેશબાબુએ આવું ગૂંડાટાઈપ પાત્ર ભજવવાની ના પાડતા અભિનેતા અલ્લુ અર્જુનને આ રોલ મળેલો.

સૌ પહેલા તો આ ફિલ્મ આટલી બધી લોકપ્રિય થવાનું કારણ શું ? દુનિયાભરના મહાન એકટરો પણ ‘‘શ્રીવલ્લી ડાન્સ સ્ટેપ’’ના દિવાના બન્યા છે. ખરેખર જોઈએ તો આ ફિલ્મ નથી પણ કોરોના પછી એકદમ ડરપોક, હતાશ, નિરાશ અને આળસુ બની ગયેલી સમગ્ર પ્રજા માટે મોટીવેશનનો મોટો ખજાનો છે. મનોરંજનનો મહાકુંભ છે.

એની કથા જોઈએ તો – એક પિતા વિનાના પુત્રની કથા છે. પૂષ્પાની મા ગામના કોઈ આગેવાન ઠાકુરની પ્રેમના નામે હવસનો શિકાર બને છે અને પછી તેને તરછોડી દેવામાં આવે છે. અને જન્મે છે પૂષ્પા – બાળપણથી ધૂત્કાર, નફરત, તિરસ્કાર, ભૂખ, તકલીફ અને પીડા સહન કરીને મોટો થયેલો પૂષ્પા ફિલ્મના આરંભે માત્ર સો રૂપિયા રોજની મજૂરી કરતો એક મજદૂર હોય છે અને એકદિવસ એના શહેરમાં એકદિવસના હજાર રૂપિયાની મજૂરી આપતી ગેરકાનૂની ટ્રકમાં બેસીને જાય છે જંગલોમાં ચંદનના વૃક્ષો કાપવાવાળી ગેંગની સાથે. ‘‘સાલા અપૂન ભી તો ગૈરકાનૂની તો હૈ તો ફિર કાનૂની કામ ક્યો કરે ?’’ અને પછી ધીમે ધીમે શરું થાય છે ચંદનની તસ્કરી. જંગલની ટોળકીનો મુખિયો, પછી ઘણી ટોળકીઓનો બૉસ, એના ઉપર દાણચોર, એના ઉપર દાણચોરો પાસેથી સસ્તામાં માલ લઈને મોટી રકમે વેચતો મોટો ગેંગસ્ટર અને એની ઉપર મોટો નેતા. આ આખી ભ્રષ્ટાચારની સિસ્ટમની ટૉચ સુધી પૂષ્પા પોતાની હિંમતથી, તાકાતથી, બુદ્ધિથી પહોંચે છે. દિવસના સો રૂપિયા કમાતો એક મજુર કરોડો રૂપિયા કમાતો થાય, એની કથા આજના યુવાવર્ગ માટે સકારાત્મક ઊર્જા પ્રગટાવે છે. ભલે ફિલ્મમાં ચંદનની તસ્કરી છે. દાણચોરી છે. ગેરકાનૂની કામ છે. એને ધ્યાન પર ના લઈએ તો પૂષ્પાની હિંમત, મજબૂત મનોબળ, જાત ઉપરનો સખત આત્મવિશ્વાસ, ગમેતેવી પરિસ્થિતિમાં હિંમત હાર્યા વિના લડવાની અને જીતવાની એની જીદ એને વિજયી બનાવે છે.

પૂષ્પાના કેટલાક ડાયલોગ્સ પણ સકારાત્મક ઊર્જા ભરેલા ફાયર બોમ્બ છે. ‘‘પુષ્પા : પૂષ્પરાજ, નામ સૂનકે ફલાવર સમજા હૈ ક્યા ? ફાયર હૈ ફાયર, ઝૂકેગા નહીં સાલા, / બ્રાન્ડ કા ધબ્બા કપડોં મે નહી, કેરેક્ટર મેં હોતા હૈ। તુમ કહી બિના કપડો કે જાઓગે તો તુમ્હારા કુત્તા ભી તુમ્હે નહીં પહેચાનેગા, ઔર મેં બિના કપડો કે કહી ભી ચલા જાઉં તો લોગ મુજે ભાઉ ભાઉ કહેંગે, સમજા ક્યા ? ‘‘ આવા અનેક વરસતી આગ જેવા શક્તિશાળી, બંદૂકની ગોળી જેવા ડાયલોગ આ ફિલ્મને અને પૂષ્પાના કેરેક્ટરને બ્રાન્ડેડ બનાવે છે. આજની યુવાપેઢી મોંઘા મોંઘા બ્રાન્ડેડ કપડા પહેરવાની શોખીન છે. આજે સૌ કોઈ માત્ર કપડાથી જ ચમકે છે. અંદરથી સૌ કોઈ ખોખલા છે. કોઈનું કેરેક્ટર બ્રાન્ડેડ નથી. જ્યારે પૂષ્પા સાવ સાદી લૂંગી અને જૂનો શર્ટ પહેરે છે પગમાં જૂના જુત્તા. પણ એના વ્યક્તિત્વ અને વિચારોમાંથી બનતું કેરેક્ટર દુનિયાની સૌથી મોટી બ્રાન્ડ બને છે. અને એટલે જ દુનિયાભરમાં એના વ્યક્તિત્વના વિડીયો વાયરલ થયા છે. આવી બ્રાન્ડ આપણે કેમ ના બનાવી શકીએ ?

આ ફિલ્મ આટલી સફળ થવાના બીજા પણ ઘણા કારણો છે. કોઈપણ વ્યક્તિએ જીવનના કોઈપણ ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે આ ફિલ્મની સફળતાના રહસ્યો જાણવા જોઈએ. જ્યારે ફિલ્મ બની ત્યારે મહેશબાબુએ આ ફિલ્મ ના સ્વીકારી પરંતુ અલ્લુ અર્જૂને આવું જંગલી પાત્ર સ્વીકારવાનું સાહસ કર્યું. એના ડિરેક્ટરે કહેલું કે મારે આ પૂષ્પાની બોડીલેંગ્વેજ એક અલગ પ્રકારની જ જોઈએ છે. તો અલ્લુએ એક ખભો સહેજ ઊંચો રાખીને ચાલવાની એકશન બતાવી. ડિરેક્ટરને ગમતા અલ્લુ અર્જુને પોતાના ઘરમાં એક ખભો ઊંચો રાખીને ચાલવાની બે વર્ષ સુધી પ્રેક્ટિસ કરી હતી. ત્યારે આટલી મોટી સફળતા મળી હતી. આજના યુવાનો ને મહેનત કર્યા વિના સફળ થવું છે. ધીરજનો અભાવ છે મોટાભાગના મધ્યમવર્ગના માણસોની નોકરીની માનસિકતા બની ગઈ છે. તેથી એકાદ બે મહિને રૂપિયા ના મળે એવા કોઈ કામ કે વ્યવસાયમાં એ જોડાતા નથી. પૂષ્પા સૌથી મોટા ડૉનને મળીને ૨૫ લાખમાં વેચાતા ચંદનના દોઢ કરોડ ઉભા કરે છે અને એ માટે તે જાનનું પણ જોખમ લેતા ડરતો નથી. કેમ કે એને પોતાનીજાત ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે કે તે જે કામ કરવાનો છે એમાં સફળ થવાનો જ છે. જ્યારે આજનો યુવાન પચ્ચીસ પચાસ હજારનું પણ જોખમ લેવા તૈયાર નથી. આજે લાખો કરોડો યુવાનો ટેલેન્ટેડ હોવા છતાંય સાહસના અભાવે, આત્મવિશ્વાસના અભાવે ગરીબ ને ગરીબ જ રહે છે. કેમ કે આજની નોકરી કરવાની સિસ્ટમે સૌને ગુલામ બનાવી દીધા છે. મહિને ૩૦/૪૦ કે ૫૦ હજાર કમાતી વ્યક્તિને ક્યારેય મહિને પાંચ લાખ કે પાંચ કરોડ કમાવવાનો વિચાર સુદ્ધા આવતો નથી હોતો. બાકી આજે સૌની અંદર એક પૂષ્પા બેઠેલો છે. સૌની અંદર એક ફાયર છે. અનેક પ્રકારની ઊર્જાના સ્ત્રોત છે. જો આજનો માણસ દસ લાખ વર્ષ પછી સૂર્યને પોતાની મૂળ જગ્યાએથી ખસેડવાના પ્રોજેક્ટ ઉપર અત્યારથી કામ કરતો હોય તો આપણને તો આપણી કે આપણા પરિવારની આવતીકાલની પણ ચિંતા નથી. કારણ આપણી બુદ્ધિ પગારના ટૂંકા સમયગાળામાં બંધાઈ ગઈ છે. તેથી સૌની અંદરનો પૂષ્પા પણ મરી ગયો છે. કોઈને નવા સાહસ કરવા નથી. ૨૫ હજારથી ઘર ચાલતું હોય અને ૨૫ હજારની આવક હોય તો વધારે શા માટે વિચારવું જોઈએ ? વધુ કામ શા માટે કરવું જોઈએ ? પૂષ્પાની શી જરૂર છે ? ફલાવરથી કામ ચાલી જતું હોય તો ફાયરની શી જરૂર છે ? આપણને સૌને ફલાવરની આદત પડી ગઈ છે. તેથી અંદરની ફાયર શાંત ગઈ છે. ઓલવાઈ ગઈ છે. યુગોના યુગોથી પેઢી દર પેઢી પરિસ્થિતિ સામે ઝૂકવાનું જ શીખવ્યું છે આપણને. ‘‘ ચાદર હોય એટલી જ સોડ તાણવી ‘‘ પણ પગ બહાર કાઢવા નહીં – આપણે બધાએ સંકોચાઈને જીવવાનું શીખી લીધું છે. અનેક પ્રકારની નાની મોટી મુશ્કેલીઓ સામે, વિપરિત પરિસ્થિતિઓ સામે, પડકારો સામે, આપત્તિઓ સામે ઝૂકી જતા હોઈએ છીએ. જ્યારે પૂષ્પા એમ કહે છે કે ‘‘ઝૂકેગા નહીં સાલા ‘‘ આપણા ડીએનએએ આપણને ઝૂકવાનું શીખવ્યું છે. જો તમારે તમારા ક્ષેત્રનો પૂષ્પા બનવું હોય તો પરિસ્થિતિઓને હરાવવી પડશે, પડકારો અને આપત્તિઓ સામે ઝઝૂમવું પડશે. લડવું પડશે. ફલાવરની આદત છોડીને અંદરની ફાયર પ્રજ્વલ્લિત કરવી પડશે.

ફિલ્મનો પૂષ્પા તો ચંદનના લાકડાની તસ્કરી કરતો મહાખલનાયક છે. સામાજિક રીતે તરછોડાયેલો – અપમાનિત થયેલો આધુનિક મહાભારતનો કર્ણ છે. અને તેથી જ તે ઝૂકતો નથી. ગમે તેવી વિપરિત પરિસ્થિતિને ઝૂકાવે છે. અનેક વિપરિત પરિસ્થિતિમાં મહાસંઘર્ષ કરીને પોતાની બ્રાન્ડવેલ્યૂ ઊભી કરે છે. ડર કે આગે જીત હૈ એ વાતને સાચી ઠેરવે છે. જ્યારે આપણે ડર કે આગે બડા ડર હૈ સમજીને જીવીએ છીએ. આપણે શારીરિક તાકાત વધારવા જીમમાં જઈએ છીએ પણ માનસિક મનોબળની તાકાત વધારવાના કોઈ પ્રયત્ન નથી કરતા. આપણે મોટી મોટી બ્રાન્ડેડ કંપનીઓના કપડા, ગોગલ્સ, ઘડિયાળ કે બૂટ પહેરીને અમીર હોવાના ભ્રમમાં જીવીએ છીએ પરંતુ અંદરથી સૌથી વધુ ગરીબ આપને જ છીએ. કેમ કે આપણા વ્યક્તિત્વને બીજાની બ્રાન્ડની જરૂર પડે છે. આપણી પોતાની કોઈ બ્રાન્ડ નથી.

મિત્રો, જીવનમાં કંઈક કરવું છે. મોટી સફળતા મેળવવી છે. તો કોઈ નથી કરતું એવું કામ કરો. જે કામ કરતા લોકોને ડર લાગે છે. લોકો મજાક કરે છે એવા કામ કરો. અને તમારી અંદરના પૂષ્પાને – ફાયરને જગાવીને એ કામની પાછળ ‘‘ઝૂકેગા નહી સાલા’’ કહીને લાગી જાવ. સફળતા તમને શોધતી આવશે અને મજાક, મશ્કરી કરવાવાળા એ જ તમારા મિત્રો, સંબંધીઓ તમારી વાહ વાહ કરશે તમારી માટે તાલીઓ પાડશે. કેમ કે તમે તમારી દુનિયાના ‘‘પૂષ્પા’’ બની ચૂક્યા હશો. અને એ જ લોકો તમારી બ્રાન્ડની નકલ પણ કરશે. અને પછી તમે વટ્ટથી એ બધાને કહી શકશો કે ‘‘‘‘પુષ્પા : પૂષ્પરાજ, નામ સૂનકે ફલાવર સમજા હૈ ક્યા ? ફાયર હૈ ફાયર, ઝૂકેગા નહીં સાલા, / બ્રાન્ડ કા ધબ્બા કપડોં મે નહી, કેરેક્ટર મેં હોતા હૈ।

- 9426060601.india@gmail.com

# ‘જોયું પગેરું કાઢી મહોબ્બતનું આજ તો, એના સગડ દીવાનગીના ઘર સુધી ગયા’



રજ્જળપાટ
અજય ઉપાધ્યાય

હમણાં જ વસંતપંચમી ગઈ અને વેલેન્ટાઇન વીક ચાલી જ રહ્યું છે, ઈન્ફેકટ આ વાંચતાં હશો એના એક દિવસ પછી વેલેન્ટાઇન ડે પણ આવવાનો છે. અંગ્રેજી ઉજવણી કરો કે દેશી સરવાળે વાત તો એક જ છે – પ્રેમની..! પેઢી બદલાય એમ ઉજવણીઓ બદલાય પણ મૂળ હાર્દ તો એ જ રહેવાનો, એ થોડો બદલી શકવાના છો ? નહીં ને..? સી, પ્રેમ.. પ્યાર.. મુહોબ્બત.. ઈશ્ક.. આને તમે કવિ તુષાર શુકલ ના શબ્દોમાં કહો તો હચાહે તે નામ તેને દઈ દો તમે રે ભાઈ અંતે તો હેમનું હેમ ‘ ની જેમ બધા શબ્દોનો એક જ અર્થ થવાનો અને એ છે લાગણી.. પરસ્પરની લાગણી..!! આ લાગણીવાળું ચંદ્રકાંત બક્ષી જરા અલગ રીતે સમજાવતા કહે છે કે હ પ્રેમ માણસને હું કેદમાથી મુક્તિ આપે છે. જે સંબંધમાં બીજો આપણા માટે કે આપણા જેટલો જ અથવા આપણાથી પણ વિશેષ મહત્વનો બની જાય એને પ્રેમ કહેતા હશે.’’ એમ તો કાંતિ ભટ્ટે પણ લખેલું કે કોઈ બે વ્યક્તિ એકબીજાને ગમાડવા માંડે અને જો બન્ને લગ્ન કરવા ઈચ્છતા હોય તો જગતના બધા ડાહ્યા માણસોએ વચ્ચેથી હટી જવું જોઈએ..’’

પ્રેમ.. પ્યાર.. ઈશ્ક.. મુહોબ્બત પર તો ઘણું લખાયું છે અને ઘણું લખાવાનું પણ. આમ તો શું છે કે માણસ પ્રેમમાં પડે એટલે એ કવિહદય થઈ જાય એમ કહેવાય. પ્રેમીને કવિતાઓ વહાલી લાગવા માંડે.... શેર-ઑ-શાયરી ગમવા લાગે... મુકુલ ચોક્સીના શબ્દોમાં હ પ્રેમમાં તો ઝાકળ આંજીને તને જોવાની હોય અને ફૂલોમાં ભરવાનો હોય છે મુશાયરો ‘ પ્રેમ ઈન્સાનને કવિ બનાવી દે અને કવિ નહીં તો ઋજુહદય તો બનાવી જ દે. પ્રેમ થી સ્વભાવમાં એક ઠેરાવ આવે.. એક પાકટતા આવે અને સાથે સાથે આવે મુલાયમતા.. કોમળતા. હા પ્રેમીની તડપ વખતે આ બધાથી વિપરીત વર્તન પણ થઈ શકે છે. પ્રેમી કે પ્રેમિકાની રાહ જોતાં કે એના મિલનના ઇંતેજારમાં કે પછી દિલ તૂટયાની વેળાએ પણ શાહબૂદીનભાઈ નો ફેમસ જોક છે એમ એને થવા માંડે કે આકાશ તૂટી કેમ નથી પડતું કે ધરતી ફાટી કેમ નથી પડતી કે પછી મરીઝ ના શબ્દોમાં ‘મેં એનો પ્રેમ ચાહ્યો બહુ સાદી રીતથી, નહોતી ખબર કે એમાં કલા હોવી જોઈએ. ’ અને પછી બશીર બદરના બહુ જાણીતા શેર માં કહ્યું છે એમ ‘ઉજાલે આપની યાદો કી હમારે સાથ રહેને દો, ના જાને કિસ ગલી મે જિંદગી કી શામ હો જાયે’

અને આ શામ પણ જેવી તેવી નહીં પણ ‘ શામ સે આંખ મે નમી સી હૈ, આજ ફીર આપ કી કમી સી હૈ ‘ જેવી હોવાની. યાદે યાદ આતી હૈ ની વાત કરીએ તો પ્યાર.. પ્રેમ.. ઈશ્ક માં જરૂરી નથી કે વિરહમાં જ યાદે યાદ આવે, એ તો પ્રેમની ભરપૂર ખીલેલી વસંતમાં પણ પ્રેમીને ના મળી શકાયાના વસવસારૂપે પણ યાદ તો આવી જ જાય. પ્રેમ એ સ્વતંત્રતા છે... પ્રેમ કાળજી છે... પ્રેમ એ વિશ્વાસ છે... પ્રેમ બલિદાન છે. અહમદ ફરાઝ નો એક શેર છે કે ‘ ઉસકો જુદા હુએ ભી જમાના બહોત હુઆ, અબ કયા કહે યે કિસ્સા પુરાના બહોત હુઆ ..!’ બલિદાન આપી દીધું પછી રંજ નથી બહુ, એ વાત પણ જૂની થઈ ગઈ એમ માનીને મન મનાવી પણ લીધું. આવું જ કાઈક આપણાં મરીઝ સાહેબના આ શેરમાં પણ વર્તાય છે કે ‘ એ ના કહીને સહેજમાં છૂટી ગયા ‘મરીઝ’, કરવી ન જોઈતી’તી ઉતાવળ સવાલમાં ‘ધૂની માન્ડલીયાના આ શેરમાં અજબ વાત મુકાઈ છે કે ‘ યોજનાઓ પ્રેમમાં હોતી નથી, થાય જે કઈ તે અચાનક હોય છે. અદી મિરઝા પણ આવી જ કાઈક વાત પ્રેમમાં દિલ હારી જવાના સંદર્ભે કહે છે કે ‘ આ પ્રેમનો જુગાર પણ કેવો જુગાર છે, હારી જવું પડ્યું બધું પહેલા જ દાવમાં.’’ જો કે ‘ પ્યાર કા પહેલા ખત લીખને મે વક્ત તો લગતા હૈ ‘ ની જેમ દિલ હારી જતાં પહેલાની ઘટનામાં દિલ આવી ગયું છે એવું જણાવવું તો પડે કે નહીં ? અને એ પ્યાર કા ઈજહાર કરવામાં સમય લાગે.. !!!! અને એટલે જ મુકેશ જોશીની આ બે પંક્તિઓ વાંચો કે જેમાં પ્રેમના ઈજહારની વાત સાવ સહેલી તો નથી જ એનું સરસ વર્ણન છે, કવિ લખે છે કે ‘ પ્રેમમાં ક્યાં જાણકારી જોઈએ, બસ હદય વચ્ચે કટારી જોઈએ’

‘જોયું પગેરું કાઢી મહોબ્બતનું આજ તો, એના સગડ દીવાનગીના ઘર સુધી ગયા.( અમૃત ઘાયલ ) પ્રેમ એ સંતોષ છે. પ્રેમ શાંતિ છે. પ્રેમ આરસ-પારસ તો હોવાનો જ પણ પ્રેમ ઘણીવાર વન વે પણ હોય શકે- એકતરફી. કોઈને તમે તમારા તરફથી ખૂબ ચાહી પણ શકો અને છેક સુધી કહી પણ ના શકો કે પછી સમય પ્રેમની આશા પણ રાખ્યા વગર જવાહર બક્ષીના શબ્દોમાં ‘ પ્રેમ કરતાં જ આવડ્યું છે મને,પાત્રતા મેં કદી ધરી જ નથી.’ જએવું પણ હોય શકે - યસ આ પણ પ્રેમ છે જ..! ‘રાત દિવસનો રસ્તો વ્હાલમ, નહીંતો ખૂટે કેમ? તમે પ્રેમની વાતો કરજો, અમે કરીશુંપ્રેમ.’ (સુરેશ દલાલ ). જો કે કોઈ પ્રેમ ભલે એકતરફી હોય પણ એની જગતને જાણ તો થઈ જ જતી હોય છે. મરીઝ સાહેબના પ્રચલિત શબ્દોમાં કહીએ તો ‘એકાદ હો તો એને છુપાવી શકું ‘મરીઝ’, આ પ્રેમ છે ને એના પુરાવા હજાર છે. ‘‘યસ, છુપાયે ના છૂપે વો પ્યાર હૈ...! જો કે પ્રેમ ભલે એકતરફી હોય તો પણ એના સન્માનની વાત તો રહેવાની જ. ‘‘ હોઠ પર તાળાં હશે તો ચાલશે આંખમાં તોફાન હોવું જોઈએ...તું અઢી અક્ષરમાં બાંધી રાખ મા ‘પ્રેમ’નું સન્માન હોવું જોઈએ’ ( જીગર જોશી ). એકજેટલી...પ્રેમ એટલે સન્માન...આદર..!! પછી ચાહે એ પ્રેમી-પ્રેમિકા વચ્ચે હોય કે પછી પતિ-પત્ની વચ્ચે, બોસ-નોકર વચ્ચે હોય કે માં-દીકરા વચ્ચે, ભાઈ-બહેન વચ્ચે હોય કે આડોશી-પાડોશી વચ્ચે...આ સન્માન અને આદર હશે તો એ ચોક્કસ પ્રેમ છે.

‘‘છે પ્રેમનો સવાલ, જરા તો નજીક આવ, ઊભી ન કર દીવાલ, જરા તો નજીક આવ.... મોટેથી કહી શકાય, નથી એવી વાત એ; સુણવા હો દિલના હાલ, જરા તો નજીક આવ ! ‘‘ (અમર પાલનપુરી ). પ્રેમ અને સાંનિધ્યને જબરો મેળ. એકમેકનો સંગાથ શોધે એ પ્રેમ અને એ સંગાથે પ્રેમનો પરવાન ચડે. અને આ સાંનિધ્ય માટે પ્રેમીઓ કુછ ભી કરી નાખવા તૈયાર થઈ જતાં હોય છે. કુમાર વિશ્વાસની આ પંક્તિઓ એ સંદર્ભે સમજવા જેવી છે કે ‘ કોઈ દિવાના કહેતા હૈ કોઈ પાગલ સમજતા હૈ, મગર ધરતી કી બેચેની કો બસ બાદલ સમજતા હૈ ‘ પ્રેમ થાય છે અને પ્રેમ થઈ જાય છે એના પર કવિ સુંદરમે લખેલા આ થોડા શબ્દો જુઓ કે ‘ આ પ્રેમ, કેમ આવે છે એ ? નથી એને પાંખો, નથી આંખો,નથી પગ, નથી હાથ...’ બસ એ તો થઈ જાય છે. બે આંખો મળે ને બે દિલ ધડકે એમાં આ પ્રેમ કેમ આવે છે ? એ આખોયે પ્રશ્ન જ અસ્થાને થઈ જાય છે. અગેન તુષાર શુકલ કહે છે એમ ‘ દરિયાના મોજાં કંઇ રેતીને પૂછે, ‘તને ભીંજાવું ગમશે કે કેમ ?’; એમ પૂછીને થાય નહીં પ્રેમ.’’ અને પ્રેમ થાય પછી? કવિ શ્રી હરીન્દ્ર દવેના શબ્દોમાં ‘ પ્રેમમાં ચાલને ચકચૂર થૈ ચાલ્યા કરીએ, સૂર્યની આંખે અજબ નૂર થૈ ચાલ્યા કરીએ. એને બદનામી કહે છે આ જગતના લોકો, ચાલને, આપણે મશહૂર થૈ ચાલ્યા કરીએ. ‘‘કવિ હિતેન આનંદપરાની આ બે બળુંકી પંક્તિઓ સાથે પ્રેમને વધાવીએ.. વહેચીએ.. વાવીએ કે ‘ આ પ્રેમ નામના ગ્રંથનો ફેલાવ વધવો જોઈએ, જો પ્રત કદી ખૂટી પડે, તો સંસ્કરણ કરતા રહો...!